જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૧૧/૨૦૧૭ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૩૮૧/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૮૬ કેસ કરી, ૭૯ વ્યક્તિઓને ઝડપી, ૩૧૬ લીટર દેશી દારૂ, ૧૪૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૮૪ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૫૧ બીયરટીન ૦૧ મોટર સાયકલ અને ૦૧ એક્ટીવા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી ૩૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૩૯,૯૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૩૮૨/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૭૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૩૮૩/૧૭</u>**

**સોલા હાઇકોર્ટ :** અપુર્વભાઇ ભરતભાઇ શાહ (ઉ.વ.૩૭)(રહે,વિનય સોસાયટી, શાંતી નગર, ઉસ્માનપુરા) એ તા.૨૬/૧૧/૧૭ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૧૧/૧૭ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે સોલા કારગીલ પાસે, આર્ય ગ્રાંટ હોટલ લગ્ન મંડપ માંથી કોઇ અજાણી વ્યક્તિ અપુર્વભાઇ પાસેના પર્સમાંથી સોના-ચાંદી ના દાગીના કુલ કિંમત રૂપિયા ૯૫,૦૦૦/-, એક ઘડીયાળ કિંમત રૂપિયા ૮,૦૦૦/- અને રોકડ રકમ રૂપીયા ૯૦,૦૦૦/- તેમજ કવરોમાં મુકેલ રૂપીયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૨૩,૦૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી વાલસીંગ મથુરભાઈ ચલાવે છે.

<u>વાહન અકસ્માતમાં મૃત્યુ:-</u> <u>સમાચાર યાદી નં.૨૩૮૪/૧૭</u>

**શહેરકોટડા :** આશાબેન વા/ઓ ત્રિલોકભાઇ રામહીત ચૌહાણ (રહે,પર્લ ફેક્સ નામની ફેક્ટરીમા એમ.ડી. સ્કૂલ પાસે રામા હોલની બાજુમા સૈજપુર બોઘા) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન માં ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૧૧/૧૭ સાંજના ૭/30 વાગ્યાના સુમારે નરોડા રોડ વિજય મિલની આસ-પાસ રોડ ઉપર થ્રી વ્હીલ ટેમ્પા નંબર.જી.જે.૦૧.ટી.એ.૬૬૯૭ ના ચાલક આરોપી સુંદરદાસ ઉધવદાસ લાલવાણી (જેના પુરા સરનામાની ખબર નથી તે) નાએ આશાબેનનાં ભાઇ આશબરન ઉર્ફે અનિલ કૈલાશભાઇ ચૌહાણ નાઓને પોતાની લોડીંગ રિક્ષામા આગળની બાજુ એ બેસાડી, લોડીંગ રિક્ષા પૂરઝડપે બેદરકારી રીતે અને ગફલતભરી રીતે ચલાવી અચાનક ટર્ન મારવા જતા, આશબરન નાઓ રિક્ષામાંથી પડી જતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં, તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.રાઓલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.